


## સલામી સવારની..

*કાશ્મીરે તો ચૌરે-ચૌટે વિરોધી નારા બોલાય છે!*
*ત્યાં પગલાં ભરતાં દિવસે, એને તારા દેખાય છે!*
*છતાં ઘોલાય છે કસૂંબા સત્તાના મહેબૂબા સાથે -*
*દેશની દિકરીને દે ડારા, સ્વાતંત્ર્ય વિલાય છે...*
*(હતાશ શહિદની પુત્રી!)*

હાઈકુ

*કૂદે જવાનો*
*હાથમાં કાયદો લઈ -*
*સત્તાના ખૂંટે!*
*(ABVPસામે ઉગ્ર દેખાવો)*

*કર્મી શોષણે -*
*બાળનું કુપોષણે -*
*પ્રજા રૂષણે...*
*(રિબાય ગુજરાત)*

## ચિંતન

**મોહસકલ બ્યાધિન્હ કર મૂલા, તિન્હ તે પુનિ ઉપજહિં ભવ સૂલા ॥**

ઉપરોક્ત ચોપાઈ ઉત્તરકાંડમાંથી લેવામાં આવેલ છે.

બધા રોગોનું મૂળ, મોહ-અજ્ઞાન છે. તેનાથી અનેક સૂલ-દુઃખ પેદા થાય છે, (કામ,લોભ, ક્રોધ, મમતા, ઈર્ષા, હર્ષ, વિષાદ, દુષ્ટતા, અહંકાર, દંભ, કપટ, છળ, મદ, માન, તૃષ્ણા એષણાઓ આ બધા માનસ રોગોનું મૂળ એ મોહ (અજ્ઞાન) છે.

સંસાર-વ્યવહારમાં કર્તવ્યો-ફરજ-સંબંધો નિભાવવાએ એક વાત છે પરંતુ એમાં 'લીન' થઈ જવું એના સિવાય જીવનનો બીજો કોઈ હેતુ જ નથી એમ માનીને સંસારમાં ડૂબી ડવું એ ખોટું છે. ડૂબાય નહીં સંભાળપૂર્વક 'તરતા' રહેવું જોઈએ અલિપ્ત રહેવું જોઈએ. 'સંબંધો પ્રત્યેનો રાગ, મોહ, 'મુક્તિ' અપાવવામાં સહાયભૂત થતો નથી.' જીવનનું ધ્યેય તો 'મોક્ષ પ્રાપ્તિ'નું છે ફરીવાર આ મોહ-માયાના સંબંધોમાં ન પડાય એવું ધ્યાન રાખવું જોઈએ.

## સુવિચાર

- ભૌતિક સુખ-સુવિધાઓનો બાહ્ય ત્યાગ નહીં, પરંતુ જીવનમાં છતી વસ્તુએ સંયમ એ સાચું આધ્યાત્મ - **બોધિવૃક્ષ**
- આપણી અને પશુઓની વચ્ચે એક ધર્મ અક એવું તત્વ છે જે માણસ તરીકેની સાચી ઓળખ આપે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- દસ ઠેકાણે જેનું મન ફરતું હોય તેનું મન ભગવાન ન સ્વીકારે, જે સાધકમાં મન બુદ્ધિને ભગવાનમાં જોડી દેવાનો દૃઢ નિશ્ચય હોય તો ભગવાન તેને સ્વીકારે જ - **પાંડુરંગ આઠવલે**
- પ્રદક્ષિણા તેની જ થાય, જેની દક્ષિણા તમને ન્યાલ કરી દે - **અખંડ આનંદ**
- તમારા જીવનમાંથી વિવેકનો ત્યાગ કરારેય ન કરશો, તે જ તમને દ્વંદ્વોમાંથી બચાવી શકશે - **ઓશો**
- મનના પાત્રમાં પુણ્યનો બરફ નાખીએ છીએ પણ આપણે પાપની આગ બુઝાવતા નથી - **રમેશ ઓઝા**
- આજનું ઔષધ : અડધી ચમચી અજમો અને અડધી ચમચી ગોળ મસળીને સવાર સાંજ લેવાથી પેશાબની તકલીફ દૂર થાય છે. **(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

આજના યુગમાં જૂઠા-દંભી નેતાઓ-બાપુ-સંત-સાધુ બની બેઠેલા મહાત્મા અને નેતા બની લોકોને પ્રચાર દ્વારા મૂર્ખ બનાવે છે. સમાજ પણ આવા દંભી-ધૂતારાઓને અને તેમના દુરાચારોનો વિજય થતો દેખાય છે પણ 'અંત' તો ઈશ્વરી ન્યાયનો જ થાય છે.

ફ્રેન્ચ લોકકથા છે :

સત્યા અને અસત્યા નામની બે સખી હતી. બંનેને ખૂબ બનતું એક સિક્કાની બે બાજુ જેવી હતી. એક હોય ત્યાં બીજી છૂપી રીતે પણ હાજર જ હોય. બંને સખી નાહવા ગઈ. અસત્યાના મનમાં કંઈ જુદું હતું બંને જણી કપડાં નદી કાંઠે કાઢતાં હતાં. અસત્યા વહેલી નીકળી સત્યાનાં કપડાં પહેરી અદશ્ય થઈ ગઈ.

સત્યા બૂમો પાડતી રહી - અંતે થાકી એણે અસત્યાનાં કપડાં પહેરી લીધાં ત્યારથી સમાજ-દુનિયા સત્ય અને અસત્યને પારખી નથી શકતી. સત્ય વાઘા પહેરેલી 'અસત્યા' પૂજાય છે અને 'સત્ય' સદાય માર ખાતી રહે છે.

# હાસ્યલોકનો શુક્રતારો વિલાયો

આવા કાળઝાળ સ્ટ્રેસ અને સ્ટ્રેનના સમયગાળામાં ગુજરાતી પ્રજા માટે તારક મહેતા જેવો એક હસતો-હસાવતો ચહેરો હતો તે કોઈ નાનુંસૂનું આશ્વાસન ન ગણાય. હાસ્યસાહિત્યને ઉન્નભ્રૂ વિવેચકો તો સાહિત્ય ગણવા જ તૈયાર નહોતા એ જમાનામાં તારક મહેતાના ટપુડાએ અને જેઠાલાલ જેવાં પાત્રોએ ગુજરાતી વાચકોને એવું ઘેલું લગાડ્યું કે 'ચિત્રલેખા' એ ધારાવાહિકને કારણે ગુજરાતમાં અને ગુજરાત બહાર વસતા ગુજરાતીઓનું સૌથી લાકડું સાપ્તાહિક બની સગયું તે ત્યાં સુધી કે એના પરથી નાના પડદા પર ઉતારવામાં આવેલી 'તારક મહેતા કા ઊલ્ટા ચશ્મા' સૌથી વધુ પ્રમાણમાં જોવાતી શ્રેણીનો સરપાવ પામી. આમ વાચકોના હૈયે લાંબો સમય રાજ કરીને ૮૮ વર્ષની પાકટ વયે વિદાય થયેલા આ સદાબહાર હાસ્યલેખક અંગત જીવનમાં ભારે એકલતા અનુભવતા હતા. સર્જક તરીકે એમને સ્થૂળ હાસ્તલેખક તરીકે ખતવી નાખવાના પ્રયત્નો છતાં એમને ગુજરાતી સાહિત્ય માટે અપાતાં શ્રેષ્ઠ પારિતોષિકો આપવાં પડ્યાં હતા તે આખરે તો સમ્માનપૂર્વક યાદ કરાતા રહ્યા છે. તારક મહેતાનો ટપુડો તરખાટ મચાવીને લોકહૈયે રાજ કરતો રહ્યો અને આજની તારીખમાં કોઈ ભારતીય ભાગ્યે જ એવો હશે જેણે તારક મહેતાના 'ઊલ્ટા ચશ્મા'નો સ્વાદ નહીં માણ્યો હોય. આપણી પાસે આજે આંગળીના વેઢે ગણાય એટલા પણ હાસ્યકારો નથી ત્યારે તારક મહેતાની વયસહજ વિદાય પણ ઘણી આકરી લાગશે. હાસ્ય-વ્યંગના શાસ્ત્રીય પૃથક્કરણથી પર રહીને વાચકોના હળવા મનોરંજનના સદાશય સાથે લખતા રહેતા લેખકો કેટલા?

**તંત્રીસ્થાનેથી...**

અખબારોને હાસ્યવ્યંગની હળવી કટારો ચલાવવાની ગરજ રહ્યા કરે છે, સારા હાસ્યકારોની આપણે ત્યાં ભારે અછત પ્રવર્તે છે ત્યારે તારક મહેતાએ 'એકે હજારાં' જેવું ગજું કાઢી ગુજરાતી ભાષાને ન્યાલ કરી છે. બકુલ ત્રિપાઠી અને વિનોદ ભટ્ટ જેવા લોકપ્રિય હાસ્યલેખકો ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ પણ શોભાવી ચૂક્યા છે. તારક મહેતાએ વિશાળ પ્રજાપરિષદના જ લાડકવાયા હાસ્યલેખક બની બાકીનાં વળગણોથી છેટા રહેવાની ચેષ્ટા કરીને દાખળો બેસાડ્યો છે. જો કે પ્રજા કે સરકારે આવા લોકપ્રિય લેખકને પોંખવામાં પાછી પાની નથી કરી તે પણ નોંધવું જોઈએ. તારક મહેતાને પદ્મશ્રી સમ્માન આપીને ભારત સરકારે એમની યોગ્ય કદર કરી હતી. આ મહાન હાસ્યલેખકની મહાનતાનું છેલ્લું પરિણામ તો એમનો દેહદાનનો નિર્ણય છે. કેટલા લેખકો પરંપરાગત માન્યતાઓથી મુક્ત બની પોતાના મૃણમય કાયા મેડિકલ કૉલેજના વિદ્યાર્થીઓના લાભાર્થે સમર્પિત કરવા તૈયાર થશે ? તારક મહેતાએ હસતાં-હસાવતાં આ મુદ્દે ગંભીર દષ્ટાંત પૂરું પાડ્યું છે. એમનાં હાસ્યપુસ્તકો, પ્રવાસગ્રંથ અને સવિશેષ 'એકશન રિપ્લે' જેવી આત્મકથા તથા નાટકોને કારણે તારક મહેતાનું સ્થાન ગુજરાતી હાસ્યકાશમાં શુક્રતારા જેવું ઝળહળતું રહેશે. સમર્થ લેખકો માટે પણ હળવું હાસ્ય લખવું ઘણું પરિશ્રમજન્ય કાર્ય બની રહેતું હોય ત્યારે આ સહજ હાસ્યયોગીએ એમના સુદીર્ઘ સર્જનકાળ દરમિયાન ગિરા ગૂર્જરીને કારણે એકથી એક ચઢિયાતાં હાસ્યપુષ્પો ધરીને કરેલી આરાધના આપણી મોટી અસ્કામત બની રહેશે. દિવંગત હાસ્યલેખકોને કોટિ કોટિ વંદન - તારક મહેતા ઘણું જીવો!

# ગાંધીગીતાની વિદેશયાત્રા

મહાત્મા ગાંધી ઈ.સ. ૧૮૮૮-૮૯માં ભગવદ્‌ગીતાના સંપર્કમાં આવ્યા. એમણે સર એડ્‌વીન આર્નોલ્ડનો ગીતાનો પદ્યમય અનુવાદ વાંચ્યો, પછી એમની ઉત્કંઠા વધી. એમણે ગીતાના ગુજરાતી અનુવાદો થયા હતા. એ વાંચ્યા, પરંતુ એમને સંતોષ થતો ન હતો. આ જોઈને એકવાર સ્વામી આનંદે એમને આગ્રહ કર્યો. 'તમે તમારી રીતે ગીતાનો અનુવાદ અને એની સમજૂતી આપો. તમારું ગીતાદર્શન સામાન્ય લોકોને ઉપયોગી થશે.' ગાંધીજીએ ખાતરી આપી કે પોતાને નિરાંત હશે. ત્યારે ચોક્કસ કરશે. એમને જેલવાસ થયો, ત્યારે લોકમાન્ય તિલકે એમને પોતાનું 'ગીતારહસ્ય' આપ્યું. તેનાથી ગાંધીજીને ગીતાના સઘન અભ્યાસની અનુકૂળતા થઈ.




એમણે થોડો સમય રાજકીય નિવૃત્તિ લીધી. ત્યારે તે અમદાવાદના સત્યાગ્રહ આશ્રમમાં આવ્યા. અહીં એમણે ગીતાસત્ર શરૂ કર્યું. આશ્રમમાં સવારથી પ્રાર્થના પછી ગીતાના શ્લોકનો ગુજરાતી અનુવાદ કરે અને પોતાની રીતે એની સમજૂતી આપે. તદન સામાન્ય લોકો સમજી શકે એ રીતે વાત કરે, એમાં ઘરેલું ઉદાહરણો આપતા જાય અને ૨૭મી નવેમ્બર સુધી ચાલ્યું.

એ બોલતા હતા ત્યારે મહાદેવભાઈ દેસાઈ એની નોંધ કરતા. બીજા એક આશ્રમવાસી પૂંજાભાઈ પણ નોંધ કરતા હતા. ઈ.સ.૧૯૨૯માં આનું પ્રકાશન થયું. એમાં ગાંધીજીએ પોતાની પ્રસ્તાવના ઉમેરી. આ બધું વિનોબા ભાવે, કાકા સાહેબ કાલેલકર અને કિશોરલાલ મશરુવાળાને ગાંધીજીએ જોઈ જવા આપેલું.

ઈ.સ. ૧૯૪૬માં મહાદેવભાઈ દેસાઈનો આનો અંગ્રેજી અનુવાદ નવજીવને પ્રકાશિત કર્યો. આનું પ્રુફ રિડીંગ ગાંધીજીએ કહેલું.

ભારત સરકારના પ્રકાશન વિભાગે અંગ્રેજીમાં ગાંધી ગ્રંથોનું પ્રકાશન કર્યું છે. ૧૯૬૯માં આના ૩૨માં વોલ્યૂમમાં આનો સમાવેશ થયો. 'ડિસ્કોર્સિઝ ઓન ધ ગીતા' - ગીતા વિષેના વ્યાખ્યાનો.'

બર્કલે - કેલિફોર્નિયાના જોહ્‌ન સ્ટ્રોમિયરે તાજેતરમાં આનું સંપાદન કર્યુ છે. ભારત સરકાર દ્વારા પ્રકાશિત ગીતા વ્યાખ્યાનોને પશ્ચિમી જિજ્ઞાસુ વાચકના હાથમાં મૂક્યા છે એને ગ્રંથનું સ્વરુપ આપવા, જે ફેરફારો કરવા પડે તે કર્યા છે. પરંતુ ગાંધીજીના ગીતાદર્શનને સહેજ પણ આંછ ન આવે એ રીતે આ ફેરફારો કર્યા છે. આ ગ્રંથની પ્રસ્તાવના ડૉ. મિશેલ એન. નાગલેરે લખી છે. ડૉ. નાગલર બર્કલેની કેલિફોર્નિયા યુનિવર્સિટીના પ્રોફેશર છે. પુસ્તકને નામ આપ્યું છે - ધ ભગવદ્‌ગીતા - એકોર્ડિંગ ટુ ગાંધી - (ગાંધીજીની દષ્ટિએ, ભગવદ્‌ગીત) મુખપૃષ્ઠ ઉપર ગાંધીજીનો ફોટો છે તે વિઠ્ઠલભાઈ ઝવેરીએ પાડેલો છે. ગ્રંથનું પ્રકાશન બર્કલે - કેલિફોર્નિયાના નોર્થ એટલાન્ટિક બૂક' દ્વારા થયું છે. આ ગ્રંથનું પ્રકાસન ઈ.સ. ૨૦૦૦માં થયું હતું. ઈ.સ. ૨૦૦૯માં આની બીજી આવૃત્તિ થઈ છે.




જહોન સ્ટ્રોમિયરે કુલ ચાર ગાંધીગ્રંથોનું સંપાદન કર્યું છે. આ રીતે તેઓ ગાંધીગ્રંથોનું સંપાદન કર્યું છે. આ રીતે તેઓ ગાંધીસાહિત્યના અધિકૃત વિદ્વાન છે. આ બધું જોઈએ, ત્યારે ગૌરવમિશ્રિત આશ્ચર્યની લાગણી અનુભવાય છે.

# કયા વડાપ્રધાન માત્ર એક જ મતથી વિશ્વાસ મત હારી ગયા હતા?




## ભારતનું બંધારણ

(૧) સૌથી વધુ સમય સુધી રાષ્ટ્રપતિ પદે કોણ રહેલ છે?
(અ) ડૉ. ઝાકીર હુસેન (બ) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
(ક) ડૉ. એસ. રાધાકૃષ્ણન (ડ) ડૉ. જ્ઞાની ઝૈલસિંગ

(૨) સૌપ્રથમ કયા રાષ્ટ્રપતિની ચૂંટણીને સુપ્રિમકોર્ટમાં પડકારવામાં આવી હતી ?
(અ) ડૉ. ઝાકીર હુસેન (બ) શ્રી નિલમ સંજીવ રેડ્ડી
(ક) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (ડ) ડૉ.અબ્દુલ કલામ

(૩) સૌ પ્રથમ બિન હરીફ રાષ્ટ્રપતિ પદે કોણ ચૂંટાયું હતું ?
(અ) ડૉ. એસ. રાધાકૃષ્ણન (બ) ડૉ. વી.વી. ગિરી
(ક) જ્ઞાની ઝૈલસિંગ (ડ) નીલમ સંજીવ રેડ્ડી

(૪) સતત બે વખત રાષ્ટ્રપતિ પદે કોણ રહ્યું હતું ?
(અ) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (બ) ડૉ. એસ. રાધાકૃષ્ણન્
(ક)ડૉ. ઝાકીર હુસૈન (ડ) ડૉ. અબ્દુલ કલામ

(૫) પ્રતિભા પાટીલ રાષ્ટ્રપતિ બન્યાં તે પહેલાં કયા રાજયના રાજયપાલ હતા ?
(અ) મધ્યપ્રદેશ (બ) ઉત્તરપ્રદેશ
(ક) હરિયાણા (ડ) રાજસ્થાન

(૬) કયા રાજયની સરહદોમાં કેન્દ્ર સરકાર તે રાજયની સંમતિ વગર ફેરફાર ન કરી શકે?
(અ) ગોવા (બ) મણીપુર
(ક) જમ્મુ કાશ્મીર (ડ) અરૂણાચલ પ્રદેશ

(૭) કયા વડાપ્રધાન માત્ર એક જ મતથી વિશ્વાસ મત હારી ગયા હતા?
(અ) ચૌધરી ચરણસિંહ (બ) ચંદ્રશેખર
(ક) અટલ બિહારી વાજપેયી (ડ) પી.નરસિંહરાવ

(૮) વિદેશોમાં ભારતના રાજદૂતની નિમણૂંક કોણ કરે છે ?
(અ) વડાપ્રધાન (બ) રાષ્ટ્રપતિ
(ક) વિદેશમંત્રી (ડ) વિદેશ સચિવ

(૯) કયા કેન્દ્રશાસિત પ્રદેશમાં છ વખત રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું ?
(અ) દીવ (બ) દમણ
(ક) ગોવા (ડ) પોંડીચેરી

(૧૦) રાષ્ટપતિ અને સંસદ વચ્ચેનો પત્રવ્યવહાર કોના દ્વારા થાય છે?
(અ) વડાપ્રધાન (બ) લોકસભાના અધ્યક્ષ
(ક) રાજયસભાના અધ્યક્ષ (ડ) મુખ્ય સચિવ

(૧૧) બંધારણમાં સૌપ્રથમ સંશોધન કયારે કરવામાં આવ્યું?
(અ) ૧૯૫૦માં (બ) ૧૯૫૧માં
(ક) ૧૯૫૨માં (ડ) ૧૯૫૩માં

(૧૨) ચૂંટણીપંચના અધ્યક્ષની નિમણૂંક કોણ કરે છે?
(અ) વડાપ્રધાન (બ) સંસદ
(ક) રાજયસભા (ડ) રાષ્ટ્રપતિ

(૧૩) દાદરાનગર હવેલી કઈ હાઈકોર્ટના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે?
(અ) કર્ણાટક હાઈકોર્ટ (બ) ગોવા હાઈકોર્ટ
(ક) મુંબઈ હાઈકોર્ટ (ડ) ગુજરાત હાઈકોર્ટ

(૧૪) દિલ્હી અને બીજા કયા કેન્દ્ર શાસિત પ્રદેશમાં વિધાનસભા છે?
(અ) દીવ (બ) દમણ
(ક) પોંડીચેરી (ડ) આંદામાન-નિકોબાર

(૧૫) જિલ્લાઓ સૌથી વરિષ્ઠ મહેસૂલી અધિકારી કોણ છે?
(અ) ભક્ત નરસૈયો (બ) રા'નવગણ
(ક) હરિશ્ચંદ્ર (ડ) રાજા ભર્તુહરિ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- **૩ માર્ચ ૧૮૩૩ : સર સિરીલ બર્ટ :** બ્રિટીશ સાયકોલોજીસ્ટ. હેરીડીટી પર સંશોધન કરનાર
- **૩ માર્ચ ૧૮૭૯ : એલમર એમકોલમ :** અમેરીકન બાયોકેમીસ્ટ. વિવિધ શોધાયેલ વિટામીનોના નામ આપનાર તથા વિટામીન શોધક.
- **૪ માર્ચ ૧૯૦૪ : જયોર્જ ગેમોવ :** રશિયામાં જન્મેલા - અમેરીકન ન્યૂક્લિયર ભૌતિકશાસ્ત્રી, તથા અવકાશશાસ્ત્રી. બિગ-બેંક થિયરી પર સંશોધન કરનાર
- **૪ માર્ચ ૧૯૦૩ : વિલિયમ કલોસર બોઈડ :** અમેરીકન ઈમ્યુનોલોજીસ્ટ, બ્લડ ગ્રુપ અને આનુવંશિકતાના સંબંધ સંદર્ભે અભ્યાસ કરનાર
- **૫ માર્ચ ૧૮૩૦ : સર.સી. વાઈવીલ થોમસન :** સ્કોટીસ પર્યાવરણવિદ્, પ્રથમ મરીન બાયોલોજીસ્ટ, દરિયાઈની વિવિધ ઊંડાઈ એ આવેલ જીવસૃષ્ટિ પર સંશોધન કરનાર
- **૫ માર્ચ ૧૮૩૦ : એટીની -જુલેસ મેરી :** ફ્રેન્ચ ફીઝીયોલોજીસ્ટ અને ક્રોનોફોટોગ્રાફર, શરીરમાં બ્લડ સર્ક્યુલેશન પર અભ્યાસ કરનાર તથા સ્ફિગ્મોગ્રાફના શોધક
- **૬ માર્ચ ૧૮૪૭ : જહોન જયોર્જ હેગન :** ઓસ્ટ્રેલિયન ઓસ્ટ્રોનોમર - તારાઓનું કેટલોગ બનાવનાર
- **૬ માર્ચ ૧૮૧૨ : એરોન લફકીંગ ડેનીશન :** ઘડિયાળ બનાવવામાં ઈન્ટરચેન્જેબલ સિસ્ટમ લાવનાર પ્રથમ સંશોધક
- **૭ માર્ચ ૧૯૦૦ : ફિત્ઝ વોલ્ફગન લંડન :** જર્મન - અમેરીકન ભૌતિકશાસ્ત્રી, હાઈડ્રોજન મોલેક્યુલ્સ પર પ્રથમ વાર ક્વૉન્ટમ મિકેનીકલ ટ્રીટમેન્ટ પ્રયોગ કરનાર
- **૭ માર્ચ ૧૮૯૭ : જોય પૌલ ગુલીફોર્ડ :** અમેરીકન સાયકોલોજીસ્ટ, સ્ત્રી પુરુષોના શરીરના કવર, આંખની રચના, વાળ વગેરે સંદર્ભે તુલનાત્મક અભ્યાસ કરનાર
- **૮ માર્ચ ૧૮૪૧ : ઓલીવર વેન્ડેલ હોમમેસ :** અમેરીકન ફીઝીશિયન અને માનવ શરીર શાસ્ત્ર પર બુક્સ લખનાર
- **૮ માર્ચ ૧૮૩૯ : જેમ્સ મેન્શન ક્રાફ્ટ :** અમેરીકન કેમીસ્ટ, ઓર્ગેનીક કાર્બન-ચેઈન પર સંશોધન કરનાર
- **૯ માર્ચ ૧૮૫૬ : એડવર્ડ ગૂડરીચ એચેન્સન :** અમેરીકન સંશોધક હીરા પછીની સખત પદાર્થ 'એબ્રેસીવ કાર્બરડમ્' શોધનાર.
- **૯ માર્ચ ૧૮૪૫ : વિલિયમ પ્રિફર :** જર્મન બોટાનીસ્ટ. 'ઓસ્મોટીવ પ્રેસર' પર અભ્યાસ કરનાર

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : તમિલનાડુના નવા મુખ્યમંત્રીનું નામ શું છે ?**
**જવાબ : એડાપ્પાડી કે. પાલનીસ્વામી**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૩) પંકડ આર. પ્રજાપતિ : ઉવારસદ (૪) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો. જુ.સાયન્સ કૉલેજ (૫) નટુભાઈ દરજી : પેથાપુર

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ભારતીય જનતા પાર્ટીના નેતા પિયૂષ ગોયલ કયુ મંત્રાલય સંભાળે છે**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) બ (૨) અ (૩) ડ (૪) અ (૫) ડ (૬) ક (૭) ક (૮) બ (૯) ડ (૧૦) બ (૧૧) બ (૧૨) ડ (૧૩) ક

# સારા ચરિત્રવાળા રક્તદાતાઓ શોધવા સહેલા છે?

બેંકમાં કરવાનું તો કઈ નથી એક રક્તદાતામાંથી લોહી ચોક્કસ પ્રમાણમાં લેવામાં આવે છે અને દર્દી ને ચઢવામાં આવે છે એટલે બસ વાત એટલી જ છે તો પછી મુંઝવણ ક્યાં છે? આજથી પાંચ હજાર વર્ષ પહેલા ભારતમાં ચંદ્રગુપ્તના વખતમાં પહેલું બ્લડ ડોનેશન થયું હતું ત્યારથી અત્યાર સુધી સતત રોજનવું સંશોધન થતું રહે છે ઉમેરાતું રહે છે ટૂંકમાં નવા કાયદા બને છે અને અમલ માં આવે છે. કારણ કે જે તમે દર્દીને લોહી આપો એ સંપૂર્ણ શુદ્ધ એટલેકે HIV, HBSAG, HCV, VDRL, હિમોગ્લોબીન અને મેલેરિયાના ટેસ્ટ કરીને જ આપવામાં આવે. પહેલાના જમાનામાં કોઈપણ જાતના એટલે કે ખાલી લોહીનું ગ્રુપ કરી ધંધાદારી રક્ત દાતામાંથી લોહી લઈને આપવામાં આવતું. પછી ધંધાદારી રક્ત દાતાઓના HIV ના ટેસ્ટ ફરજીયાત કરવામાં આવે એ HIV ના ટેસ્ટ ત્રણ મહિના સુધી માન્ય રાખવું એવું પણ જણાવા માં આવ્યું પણ એ ANTIBODY નો ટેસ્ટ હતો જેના લીધે HIV NEGATIVE હોય છતાં પણ દર્દીને HIV હોવાના પુરાવા મળ્યા બધાને ખબર હતી કે આ ધંધાદારી રક્તદાતાઓના HIV ના ANTIBODY નો ટેસ્ટ કરીએ છીએ જયારે આપણે રક્ત દાતાના HIV ના ANTIGEN જોવા જોઈએ પણ એ વખતે ANTIGEN ની કોઈ કીટ મળતી ન હતી અને કોઈ કંપનીની મળતી હોય તો તે ખુબજ મોંઘી હોય તો આ પ્રશ્ન ગયી વખતે પણ આપણે ચર્ચ્યો હતો કે ANTIGEN અને ANTIBODY ના ટેસ્ટમાં શું તફાવત શું છે? જે કીટમાં ખાલી antibody જોવાતા હોય અને કેટલી અસરકારકતા જો સારીના હોય તો ડોનરનો HIV નો ટેસ્ટ ૯૦ દિવસે POSITIVE આવે પણ જોમ ડોનરમાં ANTIGEN છે તેની તપાસ થઈ શકતી જ ના હતી , એટલે રક્ત દાતાનો HIV ANTIBODY નો ટેસ્ટ negative હોય છતાં પણ દર્દી ને HIV નો ચેપ લાગેજ હોઈ શકે અત્યારે પણ સારામાં સારી HIV ની કીટ એટલે કે ફોર્થ જનરેશન HIV ANTIBODY થી પણ ટેસ્ટ કરીએ તો એમાં પણ INCUBATION પીરીયડ રહેલો હોય છે જ એટલે ANTIGEN અને ANTIBODY વાળી કીટ જો આપણે બ્લડ બેંક માં વાપરીએ તો જ INCUBATION પીરીયડ બાર દીવસ રહેલો હોય છે જયારે એકલા ANTOBODY નો સમય ૯૦ દિવસ નો રહેલો હોય છે આતો હદ કહેવાય અને બીજું જે મેથડ છે એને કહેવાય છે PCR. (પોલીમરેસ ચેઈન રીયેક્સન)... જેના વડે આપણે રક્તદાતા નો ટેસ્ટ કરીએ અથવા રક્તદાતાને HIV નો ચેપ લાગેલો છે કે નહિ તે ૯૬ કલાકમાં જ ખબર પડે છે તો ભલા માણસ એનાથી જ ટેસ્ટ કરવા જોઈએ PCR એ આંતરના સંજોગોમાં ખુબજ મોંઘો ટેસ્ટ છે એટલેકે એ ટેસ્ટ આપણને ૨૫૦૦થી ૩૦૦૦માં પડે જેના લીધે બ્લડ બોટલની કિંમત ખુબ જ વધારે થાય જે લગભગ ખુબ જ ઓછા માણસોને પરવડે ભાઈ તમે કઈ વાત કરો છો એક વ્યક્તિથી વધારે પૈસા થોડા લેય ગમે તેટલા પૈસા થાય પણ સારામાં સારી ટેકનીકથી બ્લડ બેંક વાળા એ રક્ત દાતાના ટેસ્ટ કરવા જોઈએ.પણ સમસ્યા એ છે કે એ દરેક બ્લડ બેંક અને સરકાર માટે હાલના સમય માટે શક્ય ઓછું જણાય છે સમય આવે એ પણ શક્ય થશે અત્યારે ફોર્થ જનરેશન વાડી કીટથી અથવા તો કેમીલ્યુમીનેસન્સ વાડી મેથડ જોઈએ. એટલે ટૂંકમાં દર્દીઓ એ સારા જાણીતા ડોનર પાસે જ બ્લડ આપવી ને લેવું જોઈએ બ્લડ બેંકો સુધરશે ત્યારે સુધરશે પણ સારા કેરેક્ટર વાળા રક્ત દાતાઓ આપણે સહેલઇ થી શોધી શકીએ તેમ છીએ માટેજ સરકાર વોલન્ટરી એટલે સ્વૈચ્છીક બ્લડ દાતા ઓ અને બ્લડ બેંકને હમેશા ઉત્તેજન આપે છે બ્લડ બેંક વાળાઓને ધીરે ધીરે અઘરું પડતું જાય છે. રોજ રોજ નવા નિયમો નવી નવી SOP (STANDERD OPERATING PROCEDURE) બ્લડ બેંકો ઉપર નાખતા જાય છે જેના હિસાબે મોટાભાગ ની બ્લડ બેંકો બંધ થતી જાય છે સવાલ તમને એ થશે કે એવાતો કેવા નિયમો હોય છે જે બ્લડ બેંક નો સંચાલકો કે ટ્રસ્ટને તકલીફ કરે છે.




પહેલા તો માત્ર "WHOLE BLOOD" આપતી બ્લડ બેંકો હતી પરંતુ સમય જતા,નવા નવા સંશોધનો થતા, લોહીના ઘટકો ની જરૂરિયાત ઉભી થતા હવે WHOLE BLOOD ના બદલે કોમ્પોનન્ટ આપતી બ્લડ બેંકો ખુલવા લાગી છે, સામાન્ય રીતે WHOLE BLOOD આપતી બ્લડ બેંક નો એરિયા ઓછા માં ઓછો ૧૦૦ થી ૧૨૦૦ ફૂટ હોવો જોઈએ જયારે કોમ્પોનન્ટ આપતી બ્લડ બેંક નો એરિયા ૧૫૦૦ ફૂટ થી વધુ હોવો જોઈએ. માત્ર એરીયા જ નહિ બ્લડ બેંકમાં જરૂરિયાત મુજબના દરેક રૂમ ફૂડ એન્ડ ડ્રગના નિયમો મુજબજ હોવા જરૂરી છે. દરેક રૂમમાં જરૂરિયાત મુજબ ની મશીનરી, એસી, અને પોસ્ટર હોવા જરૂરી છે રૂમને નીચે પ્રમાણે ના નામ આપવામાં આવે છે.

(૧)રજીસ્ટ્રેશન અને મેડીકલ એક્ઝામીનેસન રૂમ - જેમાં પેશન્ટ ની વિગતો અને ડોનરનું મેડીકલ ચેક અપ થાય છે. (૨)બ્લડ કલેક્શન રૂમ જેમાં ડોનરનું લોહી લેવામાં આવે છે.

(૩) બ્લડ ગ્રુપ, સીરોલોજી લેબોરેટરી-જેમાં પેશન્ટ અને ડોનરનું બ્લડ ગ્રુપ અને ડોનરના સીરોલોજી ટેસ્ટ થાય છે (૪)બ્લડ કમ્પ્યુનીકેબલ ડીઝીસ ટેસ્ટીંગ લેબોરેટરી -જેમાં ડોનરના HIV, HBSAG, HCV

અનુસંધાન પાના નં. ૭ પર